ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં મોડીરાત્રે વિજકડાકા સાથે દોઢ ઈંચ વરસાદ

**શહેરમાં સિઝનનો ૧૭ ઇંચ વરસાદ નોંધાયો : મોડીરાત્રે ધોધમાર વરસાદથી સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા : આજે દિવસ દરમિયાન વાતાવરણ ચોખ્ખુ રહ્યુ : સેકટરોમાં વરસાદી સમસ્યાઓનો ઢગ : સિઝનનો ૫૦ ટકાથી વધુ વરસાદ**



ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદે વિરામ લીધો હતો. રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળોના અંતે પણ મેઘરાજા રીસાયેલા રહેતા હતા. આકાશમાં કાળા ડીબાંગ વાદળોની અવરજવર વચ્ચે પણ વરસાદ હાથતાળી આપી જતા ગરમીથી ત્રસ્ત નગરજનો પણ વરસાદની વાટે હતા. ગઈકાલે દિવસના વાદળિયા વાતાવરણના અંતે મોડી સાંજે વરસાદના છાંટણા થયા હતા જયારે મોડીરાત્રે વિજકડાકા અને વાદળગર્જના વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો હતો. દોઢ ઈંચ વરસાદથી સેકટરોમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જો કે સવાર સુધીમાં મોટાભાગના ઠેકાણે વરસાદી પાણી ઓસરી ગયા હતા. ગાંધીનગર આસપાસના વિસ્તારમાં પણ ભારે વરસાદના લીધે જળબંબાકારના દ્રશ્યો જોવા મળ્યા હતા. શહેરમાં સિઝનનો ૪૧૭ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત અત્યાર સુધીમાં ૧૭ ઈંચ જેટલો વરસાદ થયો છે. વરસાદી મોસમ નિખરતા સેકટરોમાં ઠેર ઠેર દુવિધાઓથી પણ રહીશો પરેશાન છે.

ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડીયાના અંતે ગત મોડીરાત્રે વરસાદ વરસ્યો હતો. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી રોજબરોજ આકાશમાં વરસાદ વાદળો ગોરંભાય છે પરંતુ વરસાદ હાથતાળી આપી જતા નગરજનો અસહ્ય ઉકળાટ વચ્ચે મેઘરાજાની વાટ જોવે છે. સમગ્ર રાજયમાં ઠેર ઠેર ભારે વરસાદના લીધે જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આભ ફાટયુ છે ત્યારે ગાંધીનગર અમદાવાદમાં પણ વરસાદી ભીંજારો જોવા મળે છે. શહેરમાં ગઈકાલે પણ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા જો કે

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદ બાદ પણ અસહ્ય ઉકળાટથી નગરજનોને મુંઝારો

રાજયમાં વરસાદી મોસમની જમાવટ છે. સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં અત્યંત ભારે વરસાદના લીધે ચોમેર પાણી પાણી છે. ગાંધીનગરમાં પણ વરસાદી મોસમ નિખરી છે. અત્યાર સુધી સિઝનનો નોંધપાત્ર વરસાદ થઈ ગયો છે. જયારે વરસાદી મોસમમાં પણ ગરમીનો પારો હજુ સતત ૩૩ ડીગ્રીની આસપાસ જોવા મળે છે. જયારે આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો અને મેઘમહેરના અંતે પણ વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વધુ જોવા મળે છે. દિવસ દરમિયાન અને રાત્રિના સમયે પણ નગરજનો સતત ઉકળાટથી પરેશાન છે. ગઈકાલે રાત્રિના દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો જયારે આજે સવારે વરસાદી મોસમની જમાવટ બાદ પણ નગરજનોએ અસહ્ય બફારો અનુભવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકામાં મેઘરાજાના રૌદ્રરૂપે વિનાશ વેર્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકામાં ગતરાત્રિ દરમ્યાન થયેલા ભારે વરસાદને પગલે પૂર્વ પટ્ટી વિસ્તારમાં વિનાશ વેરાયો છે.

ગાંધીનગર તાલુકાની પૂર્વપટ્ટીમાં છાલા, ધણપ, મહુન્દ્રા, બોરીયા(હરિપુરા), શિહોલી મોટી સહિતના ગામોમાં જળબંબાકારની સ્થિતિ ઉભી થઈ હતી.

**ચિલોડા, ગિયોડ, ધણપ, મહુન્દ્રા, બોરીયા (હરિપુરા), ગિયોડ, જાખોરા ગામો જળબંબાકાર થયા : બપોર પછી પાણીના નિકાલમાં તંત્રને સફળતા મળી : તંત્ર સતત દોડતુ રહ્યુ**

પૂર્વપટ્ટીના ગામોમાં જળ બંબાકારની થયેલી સ્થિતિને નિવારવા આજે આખો દિવસ તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ અને બપોર પછી ભરાયેલા પાણીના નિકાલની કાર્યવાહી શરૂ છતાં તંત્રએ થોડીક રાહત અનુભવી હતી.

આ પંથકમાં વરસાદ કેટલો નોંધાયો હશે તે અંગે તંત્રની ચૂપકીદી જરૂર છે પણ વરસાદના રોદ્ર સ્વરૂપને પગલે પૂર્વ પટ્ટીના ઘણા ગામોમાં જળબંબાકારની સ્થિતિ ઉભી થવા પામી હતી.

રાજયમાં વરસાદી માહોલ જામ્યો છે. સમગ્ર રાજય ચોમાસાનો આનંદ માણી રહ્યું છે ને વધુ પડતાં વરસાદને લઈ ઠેર ઠેર પાણી ભરાયા છે ત્યારે ગાંધીનગર જિલ્લાનું મહુન્દ્રા ગામ પણ વરસાદનો ભોગ બન્યુ છે. ગઈકાલે વરસેલા મુશળધાર વરસાદમાં મહુન્દ્રા ગામેથી પસાર થતાં નાળામાં પાણીની વધુ આવકથી વરસાદી પાણી ગામમાં ભરાયાં હતા. એક તરફ સરપંચ દ્વારા નાળાને પહોળુ કરવા માટે તંત્રને જાણ કરાઈ છે તથા તંત્ર દ્વારા આ ગામમાંથી પસાર થતા નાળાને પહોળુ કરવાના આદેશ પણ છૂટ્યા હોવા છતાં આ કામ પૂર્ણ નાં કરાતા ગામની હાલત કફોડી બની છે. પાણીની વધુ આવકથી ગામના ઈન્દિરાનગર સોસાયટી, રાવળવાસ, દંતાણીવાસ તથા ઠાકોરવાસમાં પાણી ઘુસી જતાં રહેવાસીઓના અનાજ બગડી ગયા, ઘણાના છાપરા તથા ઘરોને નુકસાન થયુ તો અમુકના રાચરચિલાને નુકશાન થતાં હાલ ભોગ બનેલા ગ્રામજનોને ગામના સરપંચ નરેન્દ્રસિંહ દ્વારા ગ્રામ પંચાયતમાં આશરો આપી ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

બોરિયા ગામમાં તો પાણી એવા ભરાયા હતા કે જાણે નદીનો પ્રવાહ વહેતો હોય. અહિથી સાબરમતી નદી નજીક હોવા છતાં પાણીના નિકાલની વ્યવસ્થા જે રીતે ખોટવાઈ છે તેનાથી ગ્રામજનોમાં ભયની લાગણી પ્રસરી છે.







● અનુસંધાન પાન-૭ પર

## મનપામાં આરોગ્યતંત્રની બેઠકોમાં વાહકજન્ય રોગચાળો છવાયેલો રહ્યો

**ત્રણ મહિનામાં ૮ બાળ-મરણ અંગે પણ સમીક્ષા આ બેઠકમાં કરાઈ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મનપાની આરોગ્યતંત્રની આજે યોજાયેલ બેઠકમાં કન્જેકટીવાઈટીસ અને વાહકજન્ય રોગચાળાની સ્થિતિ છવાયેલી રહેવા પામી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં કન્જેકટીવાઈટીસને લઈ આશા બ્હેનો દ્વારા સર્વેલન્સ કરવાની સાથે જરૂર જણાય ત્યાં આઈ.ઈ.સી. કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી. શહેરમાં અત્યાર સુધીમાં ૧૧૦થી વધુ કેસો આ વાઈરલ ઈન્ફેક્શનના સામે આવ્યા છે.

આ બેઠકમાં મેલેરિયા તેમજ ડેન્ગ્યુના સતત વધી રહેલા કેસોને લઈ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સંવેદનશીલ વિસ્તારોમાં સર્વેલન્સ સઘન કરવા સાથે એન્ટી લાર્વેલ, પોરાનાશક કામગીરી પણ સઘન કરવાની સૂચના આપવામાં આવી છે.

વાહકજન્ય રોગચાળાના અટકાયતી પગલાંઓની જાણકારી લોકો સુધી પહોંચે તે માટે સોસાયટીના હોદ્દેદારો સાથે બેઠક યોજવાની પણ આજે સૂચના આપવામાં આવી છે.

વધુમાં અત્યારની હાલની ચોમાસાની ઋતુને ધ્યાને લઈને વાહકજન્ય તથા પાણીજન્ય રોગચાળા બાબતે પગલાં લેવા જણાવ્યુ. જેવુ કે પાણીનું નિયમિત કલોરીનેશન, કલોરીન ટેસ્ટ, ઉકાળીને પાણી પીવુ વગેરે બાબતે લોકોને માહિતગાર કરવા જણાવ્યુ.

આ બેઠકમાં માતૃ બાળ મરણ સમિતિની બાબતે કોર્પોરેશન વિસ્તારમાં એપ્રિલ-૨૩ થી જૂન-૨૩ સુધીમાં કુલ ૮ બાળકોના મરણ થયેલ છે, જેના જુદા જુદા કારણોની સમીક્ષા કરવામાં આવી અને કોઈપણ બાળ મરણ સારવારના અભાવે ન થાય તે જોવા કહ્યું. ઉપરોક્ત સમયગાળામાં કોઈ માતા મરણ થયેલુ નથી. પરંતુ હાઈરીક્સ માતાઓને ઓળખી તેઓનું નિયમિત ફોલોઅપ ફિમેલ હેલ્થ વર્કર દ્વારા થાય તે જોવા કહ્યું.

## આજે મુખ્યમંત્રી પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ શુક્રવાર તા. ૨૧ જુલાઈના રોજ સવારે ૧૧ કલાકે સૌરાષ્ટ્રના ભારે વરસાદ અસરગ્રસ્ત માંગરોળ, ગીર સોમનાથ, તલાલા અને માળિયા હાટીના તેમજ હિરણ ડેમ વિસ્તારોના હવાઈ નિરીક્ષણ માટે ગાંધીનગર થી રવાના થશે.

હવાઈ નિરીક્ષણ કરીને સ્થિતિ નો ક્યાસ મેળવ્યા પછી મુખ્યમંત્રીશ્રી જુનાગઢ ખાતે બપોરે ૧:૦૦ કલાકે સંબંધિત અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે રિવ્યુ મીટીંગ પણ યોજવાના છે. મુખ્ય સચિવશ્રી રાજકુમાર અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ પણ મુખ્યમંત્રીશ્રી સાથે જોડાશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

## જિલ્લામાં સાર્વત્રિક વરસાદ

**વરસાદના આંકડા અને સ્થિતિ વચ્ચે તફાવત, જનજીવન ખોરવાયુ : જળબંબાકારની સ્થિતિ ગ્રામ્ય વિસ્તારમાં**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલ સવારના ૬ થી આજે સવારના ૬ વાગ્યા સુધીમાં સરેરાશ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આજ સુધીમાં સિઝનનો ૪૨.૨૫ ટકા વરસાદ નોંધાયો છે.

ગુરૂવાર સવારના ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં ૨૭, ગાંધીનગરમાં ૩૭, કલોલમાં ૨૮ અને માણસામાં ૧૭ મી.મી. વરસાદ નોંધાયો છે.

બુધવારની મધ્યરાત્રિ પછી મેઘરાજાએ જિલ્લામાં તાંડવ કર્યુ હોય તેવી સ્થિતિ ગ્રામ્ય વિસ્તારોની થઈ જવા પામી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સામાન્ય જનજીવન ખોરવાઈ જવા પામ્યુ હતુ તેમજ પાણીનો નિકાલ ઝડપથી થાય તે માટે તંત્ર અને લોકો એક સાથે કામે લાગ્યા છે.

જિલ્લામાં ઉભી થયેલી સ્થિતિએ ઘણા બધા પ્રશ્નો ઉભા કર્યા છે. ખરીફ વાવણીમાં ભારે નુકશાનીનો ભય ઉભો થયો છે.

**સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત**

## ગાંધીનગર જિલ્લાનાં ગ્રામ્યમાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૩ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૨૦

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ યોજના અંતર્ગત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ ગાંધીનગર જિલ્લાના જુદાજુદા ગામોમાં સ્વચ્છતા અંગે સર્વે હાથ ધરવામાં આવનાર છે. કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ ટીમ આગામી સમયમાં ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૩ હાથ ધરશે.

આ સર્વેક્ષણ અંતર્ગત જિલ્લા કક્ષાએથી કમિશનર ગ્રામ વિકાસની કચેરીથી મળેલ સૂચના અનુસાર જિલ્લા વિકાસ અધિકારી સુરભી ગૌતમના માર્ગદર્શન હેઠળ નિયામક બી.કે.પટેલની ઉપસ્થિતિમાં સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ-૨૦૨૩ના તમામ ઘટકોની તાલીમ ગ્રામ્ય તથા તાલુકાના કર્મચારીઓને આપવામાં આવેલ તેમજ ગ્રામ્ય કક્ષાએ સરપંચ, તલાટી કમ મંત્રી, આગણવાડી બહેનો, આશા વર્કર બહેનોને માહિતગાર કરવામાં આવેલ. ગ્રામ્ય વિસ્તારની આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર, ગ્રામ્ય પંચાયત કચેરી અને જાહેર સ્થળોએ ટીમ દ્વારા મુલાકાત લઈ સ્વચ્છતા અંગેના સર્વેની કામગીરી હાથ ધરાશે. ઘન કચરાનું વ્યવસ્થાપન, ગ્રે વોટર વ્યવસ્થાપન, માનવ મળકાદવ વ્યવસ્થાપન, સેનિટેશન અંગે જાગૃતિ, ઓડીએફ પ્લસ મોડેલ ગામ અંગે સમુદાયમા જાગૃતિ લાવવી તેમજ સંપૂર્ણ સ્વચ્છતા માટેના આંદોલનમાં જોડાવા અને તમારા ગામને ઓડીએફ પ્લસ મોડેલ ગામ બનાવવા માટે ગ્રામજનો પોતાનું આંગણું શેરી સ્વચ્છ રાખવા તેમજ કેન્દ્ર સરકારની સ્વચ્છતાની ટીમને સહયોગ આપવા નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

## ટાઉનહોલનુ રીનોવેશન પુર્ણતાના આરે : ચિલર પ્લાન્ટ પણ તૈયાર

**ઇલેક્ટ્રીફિકેશનનુ મોટાભાગનુ કામ પુર્ણ : એક લીફ્ટનુ કામ બાકી ટોરેન્ટ પાવરનુ જોડાણ પણ મેળવવાનુ રહેશે : જો કે હજુ આ યોજના પુર્ણ થતા એકાદ મહીનાનો સમય લાગે તેમ છે : ડિસેમ્બરના બદલે હજુ જુલાઇમાં પણ કામ પુર્ણ થયુ નથી : કલાસંસ્થાઓ અને કલાકારોમાં નિરસતા**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના એકમાત્ર ટાઉનહોલ છેલ્લા ચાર વર્ષથી બંધ હાલતમાં છે. જર્જરિત અને જોખમી ટાઉનહોલને કોરોના કાળ પુર્વે જ બંધ કરી દેવાયો હતો જયારે ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ હાથ ધરવામાં જેમ વિલંબ થયો હતો તેમ કામગીરી પણ અત્યંત મંદ ગતિએ ચાલતા ડિસેમ્બરના બદલે હજુ જુલાઈના અંત સુધીમાં પણ ટાઉનહોલ તૈયાર થયો નથી. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ ટાઉનહોલના ઈલેક્ટ્રીફિકેશનનુ મોટાભાગનુ કામ પુર્ણ થઈ ગયુ છે. ચિલર પ્લાન્ટ પણ તૈયાર છે.

લાંબા સમયના અંતે પણ ટાઉનહોલ હજુ લોકઉપયોગી બન્યો નથી ત્યારે કલાકારો અને કલાસંસ્થાઓમાં પણ આ મામલે માયુસી છવાયેલી છે. ત્યારે હજુ ટાઉનહોલ તૈયાર થતા એકાદ મહીનાનો સમય લાગે તેમ છે.

ગાંધીનગરનો ટાઉનહોલ છેલ્લા ચાર વર્ષથી મરણપથારીએ હતો જો કે ટાઉનહોલના રીનોવેશનની યોજનાનુ કામ પણ લાંબા સમયથી હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ આ પ્રોજેકટનુ કામ મંજુરી થયા બાદ શરૂ થવામાં પણ વિલંબ થયો હતો પરંતુ નિયત સમયના અંતે પણ ટાઉનહોલ હજુ તૈયાર થયો નથી અગાઉ ગત ડિસેમ્બર સુધીમાં ટાઉનહોલના રીનોવેશનની યોજનાનુ કામ પુર્ણ કરી દેવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. પરંતુ આજે જુલાઈ મહીનાના અંત સુધીમાં પણ ટાઉનહોલ તૈયાર થયો નથી. શહેરના કલાકારો અને કલાસંસ્થાઓ પણ આ મામલે લાંબા સમયથી માયુસીના મોડમાં છે. શહેરની સાંસ્કૃતિક સંસ્તાઓએ કાર્યક્રમના આયોજન માટે અનુભવાતી મુંઝવણનો હજુ અંત આવ્યો નથી. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી રૂ ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જર્જરિત ટાઉનહોલને નવારૂપરંગ આપવાની યોજના અન્વયે મોટાભાગનુ કામ પુર્ણ થઈ

● અનુસંધાન પાન-૭ પર

## તમામ કેડરના ક્લાસ વન અધિકારીને વિદેશમાં અભ્યાસની તક મળશે

**સરકાર નવી નીતિ રજૂ કરવાની તૈયારીમાં : નીતિ લાગુ કરવામાં આવશે તો તમામ ખાતાઓના અધિકારીઓને લાભ મળી શકશે**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર એવી નીતિ રજૂ કરી શકે છે, જેનાથી તમામ કેડરના ક્લાસ વન અધિકારીને વિદેશ જઈને અભ્યાસ કરવાની તક મળી શકે છે. અધિકારીઓને વિવિધ સ્કીલ્સ હેઠળ તૈયાર કરીને તંત્રને સારુ બનાવવાના હેતુથી આ પગલાં પર સરકાર વિચાર કરી રહી છે. તાજેતરમાં યોજાયેલી ચિંતનમાં આ મુદ્દે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી.

ગુજરાત સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં ભારત સરકાર ઓફિસર્સને વિદેશ અભ્યાસ કરવા માટે મોકલવા માટે પસંદગી કરતી હતી. સરકાર જો આવા પ્રકારની નીતિની જાહેરાત કરે છે તો તમામ કેડરના ક્લાસ વન ઓફિસર્સને વિદેશમાં જઈને વિવિધ યુનિવર્સિટીમાં પબ્લિક એડમિનીસ્ટ્રેશન સંબંધિત અભ્યાસ કરવા માટે પાત્ર બનશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, આ અધિકારી કોઈ પણ કેડરના હોય પણ જો સરકાર દ્વારા તેમના નામની ભલામણ કરવામાં આવે તો તે સ્ટડી માટે પાત્ર બનશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જો આ નીતિ લાગુ કરવામાં આવશે તો ક્લાસ વન આઈએએસ, આઈપીએસ, આઈઆરએસ, આઈએફએસ, જીએએસ, જીપીએસઅને અન્ય કેડરના ઓફિસર્સ જેમ કે સચિવાલય, એન્જિનિયરિંગ, ઈરિગેશન, કોઓપરેટિવ અને અન્ય સહિતના વિભાગને પણ લાગુ પડશે.

જો કે, આ નીતિ પર હજુ ઝીણવટપૂર્વક કામ કરવામાં આવી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર જે તે ઓફિસરનો વિદેશમાં રહેવાનો અને શૈક્ષણિક ખર્ચો ઉપાડશે. આ સિવાય વિદેશમાં રહીને અભ્યાસ કરતા આવા ઓફિસર્સને પેઈડ લીવ પણ મળે એવી શક્યતાઓ છે, એવું સૂત્રોએ જણાવ્યું હતું. જેથી રાજ્ય સરકાર હવે આ હેતુને પાર પાડવા માટે સમર્પિત ભંડોળ સ્થાપે એવી શક્યતા છે. એ પછી જે પણ વિભાગ જે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીમાં વિદેશ અભ્યાસ માટે ભલામણ કરે તો તેમને ભંડોળ પુરુ પાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા આ મુદ્દે કોર્પસ ફંડ પણ બનાવવામાં આવી શકે છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com